ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

ઘુસર પંથકમાં ગેરકાયદે રેતી ખનન સામે તંત્રની લાલ આંખ

ગોમા નદી તરફ જતા ચાર રસ્તા જેસીબીથી ખોદી નાખતા ભૂમાફિયા

રેતી ખનન તેમજ ઓવરલોડ વાહનો પર કાયમી નિયંત્રણ લાવવા માંગ



(પ્રતિનિધી) કાલોલ, તા.31

કાલોલ તાલુકાના ઘુસર પંથકમાં ગેરકાયદે રેતી ખનન અને ઓવરલોડ વાહનોની ત્રાસદાયક સમસ્યા સામે આખરે વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. સ્થાનિક ગ્રામજનો અને ખેડૂતોની લેખિત રજૂઆતને પગલે ગોમા નદી તરફ જતા ચાર રસ્તાઓ ખોદીને તેની અવરજવર બંધ કરી દેવામાં આવી છે.

ઘુસર, ભૈરવની મુવાડી, અને અગાશીની મુવાડી આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી પસાર થતી ગોમા નદીમાંથી મોટા પાયે ગેરકાયદે રેતી ખનન થઈ રહ્યું હતું. રેતી ભરેલા ઓવરલોડ ભારે વાહનોની અવરજવરથી ગ્રામજનો અને ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. વાહનોમાંથી રસ્તા પર ઢોળાતી રેતીને કારણે બાઈકચાલકો લપસી પડવાના અને અકસ્માત સર્જાવાના બનાવો વધ્યા હતા. ઘુસર ગ્રામ પંચાયત અને સ્થાનિક ખેડૂતો દ્વારા કાલોલ મામલતદારને લેખિત રજૂઆત કરવામાં આવ્યા બાદ, ગોધરા પ્રાંત અધિકારીની સૂચનાથી મામલતદારની ટીમે સ્થળ પર જઈને રેતી વહન માટે વપરાતા ચાર રસ્તાઓ જેસીબીની મદદથી ખોદી નાખ્યા હતા.મામલતદાર કચેરી દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી મુખ્ય માર્ગો પર ઢોળાયેલી રેતીની વહેલી તકે સાફસફાઈ કરવા માટે પણ ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. તંત્રની આ અચાનક કરેલી કાર્યવાહીથી રેતી માફિયાઓમાં હડકંપ મચી ગયો છે. જોકે, રસ્તાઓ ખોદી નાખ્યા બાદ આ પગલું કેટલું કારગત નીવડે છે અને ભવિષ્યમાં ગેરકાયદે રેતી ખનન તેમજ ઓવરલોડ વાહનો પર કાયમી નિયંત્રણ લાવવા માટે તંત્ર કેવા સઘન પગલાં ભરે છે, તે જોવું રહ્યું.

સિંગવડ તાલુકામાં સરપંચની ચૂંટણીમાં રોટેશન મુજબ સીટોની ફાળવણીની માંગ

(પ્રતિનિધી) સિંગવડ, તા.31

સિંગવડ તાલુકા ખાતે આવનાર સરપંચની ચૂંટણીમાં રોટેશન મુજબ સીટોની ફાળવણી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. તાલુકાના અનેક ગામોમાં છેલ્લા ઘણા વર્ષોથી એક જ સમાજ કે એક જ કેટેગરીની બેઠક આવતી હોવાને કારણે અન્ય સમાજના ઉમેદવારોને ચૂંટણી લડવાનો મોકો મળતો નથી. જેને લઈને સ્થાનિકોમાં નારાજગી જોવા મળી રહી છે. ગ્રામજનોનું કહેવું છે કે, જો સરકારના નિયમ મુજબ રોટેશન પદ્ધતિથી અનામત બેઠકોની ફાળવણી કરવામાં આવે તો દરેક સમાજ અને દરેક વર્ગને ન્યાય મળી શકે અને લોકશાહી મજબૂત બને. આ મામલે તંત્ર દ્વારા રોટેશન મુજબ ન્યાયી રીતે સીટોની ફાળવણી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

જાંબુઘોડા તાલુકા પંચાયત હોલ ખાતે પીએમ કિસાન ઉત્સવ દિવસ ઉજવાયો

૯.૩૪ કરોડથી વધુ ખેડૂતોના બેંક ખાતામાં ૩. ૧૮,૬૯૦ કરોડથી વધુની સહાય કરાઈ



(પ્રતિનિધી) જાંબુઘોડા, તા.30

જાંબુઘોડા તાલુકા પંચાયત હોલ ખાતે પીએમ કિસાન ઉત્સવ દિવસ નિમિત્તે ખેડૂતલક્ષી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હાલોલના ધારાસભ્ય અને ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ જયદ્રથસિંહ પરમાર તેમજ પંચમહાલ જિલ્લા ભાજપ પ્રમુખ મયંકકુમાર દેસાઈ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં તાલુકાના મોટી સંખ્યામાં ખેડૂતોએ ભાગ લીધો હતો. બનાસકાંઠા ખાતેથી યોજાયેલા રાષ્ટ્રીય કક્ષાના પીએમ કિસાન ઉત્સવ દિવસના કાર્યક્રમનું જાંબુઘોડા તાલુકા પંચાયત હોલ ખાતે જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત ખેડૂતોએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો સંદેશ અને રાષ્ટ્રીય કાર્યક્રમનું નિહાળ્યું હતું. આ પ્રસંગે પીએમ કિસાન સન્માન નિધિ યોજનાના 24મા હપ્તા અંતર્ગત દેશના 9.34 કરોડથી વધુ ખેડૂતોના બેંક ખાતામાં રૂ. 18,690 કરોડથી વધુની સહાય સીધી જમા કરવામાં આવી હતી.

આ યોજનાના માધ્યમથી ખેડૂતોને ખેતીની વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરવામાં આર્થિક મદદ મળી રહે છે. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ ખેડૂતો સાથે સંવાદ કરી કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અમલી વિવિધ ખેડૂતલક્ષી યોજનાઓ અંગે જાણકારી આપી હતી.

સાથે જ ખેડૂતોને સરકારી યોજનાઓનો લાભ લેવા અને ખેતી ક્ષેત્રે ઉપલબ્ધ સહાયનો ઉપયોગ કરવા અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

વન વિભાગ તેમજ પ્રકૃતિ મિત્ર મંડળ દાહોદ દ્વારા રેસ્ક્યુ કરાયું

સંજેલી વાણીયા ઘાટી જંગલમાં કુવામાં ખાબકેલા દીપડાનું રેકસ્યુ કરાયું



(પ્રતિનિધી) સંજેલી, તા.31

સંજેલી તાલુકાના વાણીયા ઘાટી જંગલ વિસ્તારની નજીક આવેલા ખેતર વિસ્તારમાંથી વહેલી સવારે સ્થાનિક ખેડૂતો પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન રોડની નજીક આવેલા કૂવામાંથી અવાજ સાંભળતાં તેમણે કૂવામાં નજર કરતા દીપડો કુવામાં પડેલો જોવા મળ્યો હતો. આ વાત વાયુવેગે આસપાસના ગામોમાં ફેલાતાં દીપડાને જોવા માટે લોકોનાં ટોળેટોળાં ઘટના સ્થળે ઉમટી પડ્યાં હતાં. બનાવની જાણ સંજેલી ફોરેસ્ટ વિભાગને કરવામાં આવતાં વન વિભાગના અધિકારીઓ અને રોજમદારોની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ત્યારબાદ સંજેલી વન વિભાગ તેમજ દાહોદ પ્રકૃતિ મિત્ર મંડળના સભ્યો દ્વારા દીપડાને કોઈ નુકસાન ન પહોંચતે પ્રમાણે સુરક્ષિત રીતે કૂવામાંથી બહાર કાઢવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી હાલમાં કુવામાં દીપડાની હિલચાલને ધ્યાનમાં રાખીને સાવચેતીના ભાગરૂપે કુવાને ઢાંકી દેવામાં આવ્યો છે કુવામાં પાણીનું પ્રમાણ પણ ઓછું હોવાનું જાણવા મળ્યું છે. જોકે દિવસ દરમિયાન આસપાસના વિસ્તારમાં લોકોની અવરજવર અને ઘોંઘાટના કારણે રેસ્ક્યુ કામગીરીમાં સાવચેતી રાખવામાં આવી રહી છે. દીપડો ગભરાઈ ન જાય અને રેસ્ક્યુ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વન વિભાગ દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. જંગલ વિસ્તાર માં આવેલા ખુલ્લા કુવાઓ બંને જીવો માટે જોખમી સાબિત થઈ રહ્યા છે ત્યારે આવા કુવાઓને સુરક્ષિત કરવા માટે પણ તંત્ર દ્વારા જરૂરી પગલા લેવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠવા પામી છે

હાલોલ ખાતે એકતા દિવસની ઉજવણી

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી નિમિત્તે ભવ્ય 'રન ફોર યુનિટી' યોજાઈ



(પ્રતિનિધી) હાલોલ, તા.31

આજે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી તથા 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે હાલોલ પોલીસ દ્વારા 'એકતા, સુરક્ષા અને સમૃદ્ધિ'ની ભાવનાને વધુ મજબૂત કરવાના હેતુસર ભવ્ય 'રન ફોર યુનિટી' (એકતા દોડ) નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ઉપસ્થિત તમામ મહાનુભાવો, પોલીસ જવાનો અને વિદ્યાર્થીઓએ દેશની અખંડિતતા અને સાર્વભૌમત્વને જાળવી રાખવાના તેમજ "એકતા, સુરક્ષા અને સમૃદ્ધિ" ના ભાવને મજબૂત કરવાના સામૂહિક શપથ લીધા હતા. આ કાર્યક્રમથી સમગ્ર હાલોલ પંથકમાં દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાનો માહોલ છવાઈ ગયો હતો.આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે યોજાયેલી દોડનો પ્રારંભ પાવાગઢ રોડ પર આવેલા કાળીભોય ત્રણ રસ્તા પાસેથી કરવામાં આવ્યો હતો. હાલોલ નવી કોર્ટ સામે આવી આ દોડનું સમાપન થયું હતું. સમગ્ર આયોજન દરમિયાન સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાયું હતું.

DBTના માધ્યમથી PM કિસાન યોજનાના ૨૪મા હપ્તા પેટે રૂ. ૪૦.૬૧ કરોડની સહાય સીધી જમા કરાઈ

પંચમહાલ જિલ્લામાં પ્રમુખની અધ્યક્ષતામાં પી.એમ. કિસાન ઉત્સવ દિવસ ઉજવાયો



(પ્રતિનિધી) ગોધરા, તા.30

પંચમહાલ જિલ્લાના ૨.૦૨ લાખથી વધુ ખેડૂતોના ખાતામાં પંચમહાલ જિલ્લામાં જિલ્લા પંચાયત પ્રમુખ નીરજભાઈ પટેલની અધ્યક્ષતામાં ગોધરાના સ્વામિનારાયણ મંદિર ખાતે પી.એમ. કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગોધરા સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાયેલ પી.એમ. કિસાન ઉત્સવ દિવસ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી નીરજભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન આપતાં જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ માત્ર ખેડૂતોનો ઉત્સવ નથી, પરંતુ દેશની અન્ન વ્યવસ્થા અને ખેતી પ્રત્યે ઉત્સાહ વધારવાનો અવસર છે. સરકાર દ્વારા ખેડૂતોની આવક અને સમૃદ્ધિ વધારવા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

આજના આ કાર્યક્રમમાં બનાસકાંઠાના ડીસા ખાતેથી ડી.બી.ટી. (DBT) મારફતે દેશભરના કરોડો ખેડૂતોના ખાતામાં સીધા નાણાં જમા કરાવવામાં આવ્યા છે. પંચમહાલ જિલ્લામાં પણ હજારો ખેડૂતોને આ સહાયનો લાભ મળ્યો છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, આપણી પરંપરાગત ખેતી પદ્ધતિમાં થોડો બદલાવ લાવીને, વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને તેમજ ટપક સિંચાઈ અને ફાર્મ પદ્ધતિનો ઉપયોગ કરીને ખેડૂતો પોતાની આવકમાં મોટો વધારો કરી શકે છે.

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજ્જરે લેવડાવ્યા

દાહોદમાં રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના સંદેશ સાથે 'રન ફોર યુનિટી' યોજાઈ



(પ્રતિનિધી) દાહોદ, તા.31

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજ્જરે લેવડાવ્યા એકતા શપથ, મંચસ્થ મહાનુભવોએ લીલી ઝંડી આપી રન ફોર યુનિટીનો કરાવ્યો પ્રારંભ અખડિતતા અને રાષ્ટ્રીય ભાવનાને મજબૂત બનાવવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. સરદાર વલ્લભભાઈ પટેલે દેશના રજવાડાંઓનું એકીકરણ કરીને અખંડ ભારતના નિર્માણમાં ઐતિહાસિક યોગદાન આપ્યું હતું. તેમના આદર્શો અને વિચારોને જન જન સુધી પહોંચાડવા તેમજ યુવાનોમાં દેશપ્રેમ, ભાઈચારો અને એકતાની ભાવના જાગૃત કરવાના ઉદેશથી યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રન ફોર યુનિટીમાં ધારાસભ્ય કનીયલાલ કિશોરી, જિલ્લા કલેકટર સુરભિ ગૌતમ, સુસવાથી માંસ રિસેર, જીભા અધિક્ષક જાડેજા, નિવાસી અધિક કલેકટર જે.એમ.રાવલ, પ્રાંત અધિકારીદવે, અગ્રણી અભિષેકભાઈ મેડા, જિલ્લા શિક્ષણ અધિકારી એસ.એલ.દામા, મામલતદાર ગમત અધિકારી અમરસિંહ પ્રદીપસિંહ ગોહિલ, રાઠવા, નગર પાલિકા ચીફ ઓફિસર દીપસિંહ હઠીલા, પ્રાંત યુવા ડાભી, દાહોદ જિલ્લા પોલીસ વિભાગના કર્મચારીઓ, સહિત અધિકારીઓ એનસીસી અને એનએસએસના કેડેટ્સ, વિદ્યાર્થીઓ સહિત દાહોદના આગેવાનો, નગરજનો રન ફોર યનિટી માં જોડાયા હતા.

રાજગઢ પોલીસે બાઇક સહિત 3 લાખનો મુદ્દામાલ ઝડપ્યો

ઘોઘંબાના ગોયાસુડલ ગામે નાકાબંધી કરી દારૂના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો



(પ્રતિનિધી) ઘોઘંબા, તા.31

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના ગોયાસુડલ ગામે રાજગઢ પોલીસે બાતમીના આધારે નાકાબંધી કરી બજાજ પ્લસર મોટરસાઇકલ પર વિદેશી દારૂનો જથ્થો લઈ જઈ રહેલા એક શખ્સને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂની બિયર ટીન તથા ક્વાર્ટર સહિત કુલ 1,152 નંગ દારૂનો જથ્થો કિંમત રૂ. 2,56,920નો કબજે કર્યો હતો. આ ઉપરાંત દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી બજાજ પ્લસર મોટરસાઇકલ કિંમત રૂ. 50 હજાર મળી કુલ રૂ. 3,06,920નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પંચમહાલ ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધી ચૌધરી તથા પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક ડો. હરેશભાઈ દુધાત અને કાલોલ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક નવીન આહીરના માર્ગદર્શન હેઠળ દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને ડામવા સૂચના આપવામાં આવી હતી. જેના અનુસંધાને રાજગઢ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. ગઢવીને બાતમી મળી હતી જે આધારે કાર્યવાહીને અંજામ આપ્યો હતો.

સિંગવડ તાલુકાની મેથાણ મુખ્ય પ્રાથમિક શાળા ખાતે કાર્યક્રમ યોજાયો

મેથાણ પ્રા.શાળામાં ૬૫ લાખના ખર્ચે નવા પાંચ ઓરડાઓનું ખાતમુહૂર્ત કરાયું



(પ્રતિનિધી) સિંગવડ, તા.30

સિંગવડ તાલુકાની મેથાણ મુખ્ય પ્રાથમિક શાળા ખાતે સમગ્ર શિક્ષા અંતર્ગત 65 લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ થનાર 5 નવીન ઓરડાઓનું ખાતમુહૂર્ત સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સિંગવડ તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ભાભોર, મેથાણ જિલ્લા પંચાયત સભ્ય, તાલુકા પંચાયત સભ્યો, સરપંચો કાર્યકરો અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં સાંસદનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બ્રાહ્મણ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ સાથે ભૂમિપૂજન કરાવી નાળિયેર વધેરી ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત આ કાર્યક્રમ દરમિયાન કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને મળતા પીએમ કિસાન સન્માન નિધિનો 24મો હપ્તો રૂ. 2,000/- જે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતના સાબરકાંઠાના ભીલડી ખાતેથી ખેડૂતોના ખાતામાં નાખવામાં આવ્યા હતા તેનું જીવંત પ્રસારણ પણ ઉપસ્થિત સૌએ નિહાળ્યું હતું.

દેવગઢબારિયાના સાદરા ગામની ઘટના

નગવાવ ગામના યુવાને ઝાડ પર ઓઢણી વડે ગળેફાંસો ખાઈ લીધો

(પ્રતિનિધી) દાહોદ, તા.31

દેવગઢબારિયા તાલુકાના નગવાવ ગામના ડુંગરી ફળિયામાં રહેતા સુમિત્રાબેન જુવાનસિંહ રૂપસિંહ પરમારનો પુત્ર ૨૫ વર્ષીય હિતેશભાઈ જુવાનસિંહ પરમાર પરમદિવસ તારીખ ૨૯-૧૦-૦૨૬ના રોજસવારના દસેક વાગ્યાના સુમારે કોઈ અગમ્ય કારણોસર ઘરેથી કોઈને જાણ કર્યા વગર નીકળી ક્યાં ચાલ્યો ગયો હતો. જેની પરિવારજનોએ શોધખોળ આદરી હતી અને શોધખોળ દરમિયાન ગઈકાલે એટલે કે તારીખ ૩૦-૧૦-૨૦૨૬ ના રોજ સવારના સાડા આઠેક વાગ્યાના સુમારે હિતેશભાઈ જુવાનસિંહ પરમારની લાશ સાદરા ગામના જંગલમાં ખાખરાના ઝાડ પર ઓઢણી વડે ગળે ફાંસો ખાધેલ હાલતમાં મળી આવી હતી. આ અંગે મરણજનાર હિતેશભાઈ પરમારની માતા સુમિત્રાબેન જુવાનસિંહ પરમારે સાગટાળા પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરતા સાગટાળા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. અને મરણ જનાર હિતેશભાઈ પરમારની લાશને ગ્રામજનોની મદદ લઈ ખાખરાના ઝાડ પરથી ઉતારી લાશનો કબજો લઈ પંચો રૂબરૂ લાશનું પંચનામું કરી પોસ્ટ મોર્ટમ માટે લાશને દેવગઢબારિયા સરકારી દવાખાને મોકલી આપી આ સંદર્ભે પોલીસે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે.

લીમખેડાની શાળાઓમાં NPCB VI અને RBSK અંતર્ગત વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ચશ્મા વિતરણ કરાયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.30

સિંગવડ તાલુકા ખાતે આવનાર સરપંચની ચૂંટણીમાં રોટેશન મુજબ સીટોની ફાળવણી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. તાલુકાના અનેક ગામોમાં છેલ્લા ઘણા વર્ષોથી એક જ સમાજ કે એક જ કેટેગરીની બેઠક આવતી હોવાને કારણે અન્ય સમાજના ઉમેદવારોને ચૂંટણી લડવાનો મોકો મળતો નથી. જેને લઈને સ્થાનિકોમાં નારાજગી જોવા મળી રહી છે. ગ્રામજનોનું કહેવું છે કે, જો સરકારના નિયમ મુજબ રોટેશન પદ્ધતિથી અનામત બેઠકોની ફાળવણી કરવામાં આવે તો દરેક સમાજ અને દરેક વર્ગને ન્યાય મળી શકે અને લોકશાહી મજબૂત બને તેવો પ્રયાસ કર્યો હતો.

સીંગવડ તાલુકા પંચાયતના તલાટી કમ મંત્રી પદ્માબેન ડાંગીનો વિદાય સમારંભ



(પ્રતિનિધી) સિંગવડ, તા.20

સિંગવડ તાલુકા પંચાયત કચેરી ખાતે ગુરૂવારે મેથાણ-2 સેજામાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતાં પદ્માબેન વેચાતભાઈ ડાંગીનો વિદાય સમારંભ યોજાયો હતો. તેઓ આગામી 31 ઓક્ટોબર, 2026ના રોજ વયનિવૃત થનાર હોવાથી તેમના સન્માનમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પદ્માબેન ડાંગીને નિવૃત જીવન માટે શુભેચ્છાઓ પાઠવતાં દીર્ઘાયુષ્ય, તંદુરસ્તી અને સુખમય જીવનની કામના કરી હતી. સમારંભમાં ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર, તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મલાબેન ભાભોર તાલુકા વિકાસ અધિકારી એન ડી પટેલ નાના આંબલીયા સરપંચ મહેન્દ્ર પટેલ મોટા આંબલીયા સરપંચ સાકરીયા સરપંચ એનડી ભગોરા આજુબાજુના ગામડા ના સરપંચો આગેવાનો તથા પંચાયત ના સભ્યો સહિતના મહાનુભાવો, સહકર્મીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગોધરા ખાતે સરદાર પટેલની ૧૫૧મી જન્મજયંતિ ઉજવાઇ

પંચમહાલ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભવ્ય રન ફોર યુનિટી યોજવામાં આવી



(પ્રતિનિધી) ગોધરા, તા.31

અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ એટલે કે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે પંચમહાલ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગોધરા શહેરમાં રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ થકી સમગ્ર ગોધરા શહેરમાં રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને સામાજિક સમરસતાનો અનોખો સંદેશ પહોંચાડવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ગોધરાના સરદાર નગર ખંડ ખાતે આવેલી સરદાર પટેલની પ્રતિમાને ભાવભીની પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત તમામ મહાનુભાવો અને નાગરિકોએ રાષ્ટ્રીય એકતાના સંકલ્પ લીધા હતા.

એકતા દોડને વિશ્વકર્મા ચોકથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું, જે શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ રામસાગર તળાવ ખાતે સંપન્ન થઈ હતી. દોડમાં પંચમહાલ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, એન.એસ.એસ.ના કેડેટ્સ, પોલીસ વિભાગના જવાનો, યુવા સંગઠનો તેમજ મોટી સંખ્યામાં ગોધરાના નાગરિકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.